ભાવનગરને ધૂળ, હવા અને અવાજના પ્રદૂષણથી મુક્ત બનાવવા ક્લીન એર એક્શન પ્લાન લોન્ચ

કેન્દ્ર સરકારના માર્ગદર્શન અનુસાર શહેરમાં ડસ્ટ, એર પોલ્યુશન અને સાઉન્ડ પ્રદૂષણ ઘટાડવા માટે વિવિધ પગલાં લેવાશે :મનપાએ ૨૦ કરોડનાં પ્રોજેક્ટો સરકારમાં સબમિટ કર્યા

તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૩

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા સ્ટેટ ક્લીન એર પ્રોગ્રામ અંતર્ગત ભાવનગર શહેર ક્લીન એર એક્શન પ્લાનનો ડિજિટલ લોન્ચિંગ કાર્યક્રમ મનપાના કોન્ફરન્સ હોલ ખાતે મેયર ભરતભાઈ બારડના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો. જેમાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન રાજુ રાબડીયા, કમિશનર નરેન્દ્ર કુમાર મીના, કોર્પોરેશનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ક્લીન એર એક્શન પ્લાન લોન્ચ કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાના મેયરના અધ્યક્ષસ્થાને ક્લીન એર એક્શન પ્લાનનું ડિજીટલ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. જેમાં ભારત સરકારના માર્ગદર્શન અનુસાર શહેરમાં ધૂળ, એર પોલ્યુશન અને સાઉન્ડ પ્રદૂષણ ઘટાડવા માટે વિવિધ પગલાં લેવા. શહેરની હવા શુદ્ધ રહે, લોકો જાહેર સ્થળોમાં સહેલાઈથી અવરજવર કરી શકે અને એર ક્વોલિટી સુધરે તે માટે મહાનગરપાલિકા દ્વારા શહેરના ગ્રીન કવર વધારાથી લઈને રોડ ડિઝાઈનમાં ફેરફારો અને જરૂરી ડિમોલિશન કામગીરી સહિતના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને લગભગ ૨૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટો સરકારને સબમિટ કરવામાં આવ્યા છે, જે આગામી એક વર્ષમાં અમલમાં આવશે.

આ અંગે મહાનગરપાલિકાના કમિશનર નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું હતું કે, ભાવનગરમાં ક્લીન એર એક્શન પ્લાન લોન્ચ કર્યો છે. મેયર અને કોર્પોરેશનના પદાધિકારીઓ દ્વારા અત્યારે સરકાર પણ લોકોના સુખાકારી માટે ખૂબ સારી રીતે કામ કરતી હોય. દરેક પાસાઓ માટે તો એમાં આ એક પાસું છે. શહેરમાં જે માનીએ કે વધારે એર પોલ્યુશન હોય, ધૂળ વગેરનું હોય, સાઉન્ડ પોલ્યુશન હોય, એટલે કે રોડ રસ્તા ઉપર પબ્લિક જાહેરમાં ચાલવામાં તકલીફ ન પડવી જોઈએ. અને શહેરની ઓવરઓલ એર છે એની ક્વોલિટી આપણે સારી રીતે બ્રીથ કરી શકીએ અને હેલ્ધી હોય એ માટે ભારત સરકાર દ્વારા તમામ મોટા શહેરોમાં એ સ્કીમ લાગુ કરવામાં આવી છે. બધાને કહેવામાં આવ્યું છે કે, તમે તમારા શહેરમાં રેમિડિયલ એક્શન લો. જેનાથી રીયલ ક્વોલિટી સારું થાય અને લોકોને પબ્લિક પ્લેસમાં હાલાકી નહીં પડે. આપણે જે નોર્મલી જોવા જઈએ કે દરેક શહેરમાં ગ્રીન કવર થોડું સારું હોવું જોઈએ. પછી રોડ ઉપર માનીએ કે ધૂળ હોય એનો મતલબ શું? કે બાજુમાં કદાચ ખાલી વિસ્તાર રહી ગયો હોય. એટલે અમુક રોડ વોલ્ટ વોલ બનાવવા પડે. અમુક રોડ ડિઝાઈનિંગમાં ફેરફાર કરવા પડે. અમુક ઈમ્પોર્ટન્ટ લોકેશન પર જૂના બિલ્ડીંગ હોય એ પાડવાના થાય. એની જીૅં થાય. પાડવાના થાય તો એને કેવી રીતે કવર કરવાના અને કેવી રીતે બ્લાસ્ટ કરીને અથવા શાંતિથી ઉતારવાના તે બધા પાસાઓ હોય છે. એના લીધે અમે પણ શહેરમાં કામો આઈડેન્ટીફાય કર્યા છે. લગભગ ૨૦ કરોડ રૂપિયા ખર્ચેના પ્રોજેક્ટ અમે સરકારે સબમીટ કર્યા છે. તો આવતા બાર મહિનામાં લગભગ ૨૦ કરોડ રૂપિયા આની પાછળ અમે ખર્ચ કરીશું. જેનાથી શહેરની હવા ક્લીન રહેવામાં અથવા વધારે ક્લીન કરી શકાય એવા પ્રોજેક્ટ એમાં લેવામાં આવશે."

કેવા પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવશે તે અંગે પૂછતા જણાવ્યું કે, જેમાં સિક્સ લેન રોડ હોય, જેમાં ડિવાઈડરમાં વચ્ચે ટ્રી કવર લગાવવાનું હોય. જે બિલ્ડીંગ ડિમોલિશન કરવાના હોય એની મશીનરી લેવાની હોય અથવા એની માટે કોઈ ટેક્નિકલ ફેરફાર કરવાના થાય. પબ્લિક પ્લેસમાં ગ્રીન એરીયા વધારવાની વાત હોય. અમુક વિસ્તારોમાં ખાસ સ્પેશિયલ પ્રકારનું ટ્રી પ્લાન્ટેશન કરવાનું થાય. તો એ બધા મિક્સ ટાઈપના પ્રોજેક્ટ શહેરના દરેક ક્ષેત્રમાં લેવામાં આવશે.

કેન્દ્ર સરકારના નવા ચાર લેબર કોડ શ્રમજીવીઓ વિરોધી, માત્ર કોર્પોરેટ કંપનીઓ માટે ફાયદાકારક

સીઆઈટીયુ દ્વારા પ્રાદેશિક અધિવેશનમાં કરાયો વિરોધ, ઉપવાસ આંદોલન છેડવા કાર્યક્રમ ઘડાયો

ભાવનગર,તા ૩

સીઆઈટીયુનુ ગુજરાત રાજ્યનું અધિવેશન મોડાસા ખાતે ૨૬ જિલ્લાના શ્રમજીવી આગેવાનોની હાજરીમાં યોજાયું હતું જેમાં રાષ્ટ્રીય અધ્યક્ષ હેમલેતા બેને જણાવ્યું હતું કે નવા લેબર કોડ શ્રમજીવી વિરોધી અને માત્ર કોર્પોરેટ કંપનીઓને ફાયદાકારક છે. આ અધિવેશનમાં ગુજરાતમાં કામદારોના શોષણ સામે તેમજ આંગણવાડી ભાષા વર્કર અને મધ્યાન ભોજન બહેનોની લાંબા સમયની માગણીઓ બાબતે તારીખ ૯ અને ૧૦મીએ ઉપવાસ અને જંગલરાજ અમલમાં મુકનાર નવા લેબરકોડ સામે તારીખ ૯ મીએ તમામ જિલ્લામાં ઉપવાસ આંદોલન યોજવામાં આવશે તેમ મહામંત્રી અરુણ મહેતાએ જણાવ્યું હતું.

અગાઉના ૨૯ મજુર કાયદાઓ રદ કરવાથી આ નવા લેબર કોડ અમલમાં મુકાતા દેશના ૯૩% કામદારોને કાયદાનું રક્ષણ બંધ થઈ જશે અને તેની સામે આવનારા દિવસોમાં તમામ ટ્રેડ યુનિયનો સાથે મળીને આંદોલન કરશે તેવું એલાન કરાયું હતું

નવા લેબર કોડ પાછા ખેંચવા તમામ કામદારોને કાયદાનું રક્ષણ આપવા, રૂપિયા ૨૬,૦૦૦ લઘુતમ વેતન ચુકવવા તથા લઘુતમ પેન્શન રૂપિયા ૧૦,૦૦૦ આપવા, લાખો આંગણવાડી આશા વર્કર અને મધ્યાન ભોજન કર્મચારીઓને કાયમી કરી તેઓને ?૨૬,૦૦૦ લઘુતમ વેતન આપવા, કોન્ટ્રાક્ટ તથા રદ કરી સમાન કામ સમાન વેતનનો અમલ કરવા સહિત ૧૪ માગણી અંગે આગામી દિવસોમાં આંદોલન કરવા નિર્ણય કરાયો છે આંદોલન તા. ૧૩મી ડિસેમ્બરે ગુજરાતના તમામ જિલ્લાઓમાં ૨૪ કલાકના ઉપવાસ કાર્યક્રમ શ્રમજીવીઓ યોજશે.

ભેસવડી ગામે ખાણ ખનીજ વિભાગની મોટી કાર્યવાહી, રૂ. સવા કરોડનો મુદ્દામાલ જપ્ત

ગેરકાયદે ખનન મામલે કાર્યવાહી હાથ ધરી ૪ જેસીબી, ૩ ડમ્પર મળી ૧.૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસને સોંપાયો

ભાવનગર,તા.૩

તળાજા તાલુકાના ભેસવડી ગામે નવાગામના ખનન માફિયાઓ બેફામ બની ગેરકાયદે ખનન પ્રવૃત્તિ કરતા હોવાની ફરિયાદોના આધારે દરોડો પાડી સવા કરોડનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસને સોંપ્યો હતો. આ કાર્યવાહીના પગલે સબંધિતોમાં ફફડાટ મચ્યો છે.

તળાજાના ભેસવડી ગામે મંગળવારે ભૂસ્તરશાસ્ત્રી- ભાવનગરની તપાસ ટીમે દરોડો પાડતા ત્રણ સ્થળે ગેરકાયદે ખનન પ્રવૃત્તિ થતી હોવાનું જણાઈ આવતા તપાસ ટીમે રેતી ચાળવાના ચારણા, તેને સંલગ્ન સામગ્રી, યોગરાજસિંહ વખતસિંહ ગોહિલ (રહે, નવાગામ)ની માલિકીનું જેસીબી નં.જીજે.૦૪.સીએફ.૧૦૧૫, જીજે.૩૬.એસ.૯૦૮૨, વિજયસિંહ પરબતસિંહ ગોહિલ (રહે, નવાગામ)ની માલિકીનું જેસીબી નં.જીજે.૦૪.સીએફ.૫૪૧૮ અને જીજે.૦૪.સીએ.૧૮૧૮ તેમજ શખ્સની જ માલિકીનું ડમ્પર નં.જીજે.૦૫.બીવી.૬૮૫૧, જીજે.૨૩.ડબ્લ્યુ.૬૮૫૧ અને યોગરાજસિંહની માલિકીનું ડમ્પર નં.જીજે.૩૬.ટી.૯૮૧૮ તથા રેતી/ ગ્રેવલ ખનીજના જથ્થા સહિત ૧.૨૫ કરોડોનો મુદ્દામાલ જપ્ત કરી અલંગ પોલીસ ખાતે સીઝ કરવામાં આવ્યો છે. વધુમાં શખ્સો સામે આગળ દંડનિય કાર્યવાહી કરાશે તેમ ભૂસ્તરશાસ્ત્રી બી.એમ. જાલોંધરાએ જણાવ્યું હતું.

અઢી લાખનું ૬.૫૦ લાખ વ્યાજ વસુલ્યુ છતાં વધુ ૭.૫૦ લાખ માંગી ધમકી આપી

તળાજાના ખંઢેરા ગામે રહેતા એક શ્રમિક યુવકે બાબરીયાતના વ્યાજખોર સામે નોંધાવી ફરિયાદ

ભાવનગર,તા.૩

તળાજાના ખંઢેરા ગામે રહેતા એક શ્રમિક યુવકે તળાજાના નાની બાબરીયાત ગામે રહેતા વ્યાજખોર પાસેથી રૂા.૨.૫૦ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. જેના બદલામાં પાંચ લાખ માંગતા યુવકે રૂા. ૬.૫૦ લાખ વ્યાજ સહિત આપ્યા હતા છતાં પણ વ્યાજખોરે વધુ રૂા. ૭.૫૦ લાખની ઉઘરાણી કરી, અજાણ્યા શખ્સના બેન્ક ખાતામાં શ્રમિક યુવકનો ચેક બાઉન્સ કરાવી, ચેક રિટર્નનો કેસ કરી, બળજબરીથી પાંચ હજાર પડાવી લઈ, મારી નાંખવાની ધમકી આપતા યુવકે નાની બાબરીયાત અને પાદરી ભમ્મરના બે વ્યાજખોર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

તળાજાના ખંઢેરા ગામના રહેવાસી અને હાલ અમદાવાદ ખાતે રહેતા અને સી.સી.ટી.વી.કેમેરા ફિટ કરવાની મજુરી કરતા રાજુભાઈ અશોકભાઈ સોલંકીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ત્રણેક વર્ષ અગાઉ તેમને રૂપિયાની જરૂર પડતાં તળાજાના નાની બાબરીયાત ગામના શૈલેષ ઉર્ફે ગોબર ઉર્ફે કાકુ લાખાભાઈ ચાવડાની પાસેથી રૂા. ૨.૫૦ લાખ વ્યાજે લીધા હતા. જેના બદલામાં છ કોરા ચેક વ્યાજખોરે લીધા હતા અને આઠ દિવસનું પચ્ચીસ હજાર રૂપિયા વ્યાજ નક્કી કર્યું હતું અને એક દિવસ મોડા રૂપિયા આપે તો સાડા પાંચ લાખ રૂપિયા આપવા પડશે તેમ જણાવ્યું હતું.

રાજુભાઈએ નવમા દિવસે વ્યાજ સહિત રૂા. ૬.૫૦ લાખ રૂપિયા આપ્યા હતા તે છતાં પણ રૂા.૭.૫૦ લાખની પઠાણી ઉઘરાણી કરી ચેક રિટર્ન કરાવ્યો હતો.જેની મુદત્તમાં આવેલા રાજુભાઈ પાસેથી બળજબરીથી પાંચ હજાર પડાવી લેતા શૈલેષ ચાવડા અને આતુ ભંમ્મર વિરૂદ્ધ તળાજા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ઝરીયા ગામે કારમાંથી બિયરના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા

બોટાદ,તા.૩

બોટાદ એલસીબી પોલીસે પૂર્વ બાતમીને આધારે બોટાદ જિલ્લાના ઝરીયા ગામેથી બિયરના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી લઇ ૨,૧૫,૬૬૦નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે બોટાદ એલ.સી.બી. સ્ટાફના ભાવેશભાઇ મુકેશભાઇ શાહને બાતમી મળેલ કે એક સ્વીફ્ટ કાર નં-જ્ઞ-૧૮-મ્ઝ-૦૮૯૯માં બે શખ્સો વિદેશી દારૂનો જથ્થો ભરીને પાળીયાદથી ઝરીયા ગામ તરફ આવનાર જેથી પોલીસે વોચ ગોઠવી ઝરીયા ગામે રોડ ઉપરથી ઉપરોક્ત નંબરની ગાડી પસાર થતાં પોલીસે તેને રોકી તલાશી લેતાં સ્વીફ્ટ ગાડી જ્ઞ-૧૮-મ્ઝ-૦૮૯૯માંથી બીયર ટીન નંગ-૮૭ કિ.રૂ.૧૫,૬૬૦ મળી કુલ કિ.રૂ.૨,૧૫,૬૬૦નો મુદ્દામાલ સાથે આરોપી રામભાઈ મનુભાઈ ખાચર (રહે.નોલી, જી. સુરેન્દ્રનગર), અજીતભાઈ રાવતભાઈ ભોજક (રહે.ઝરીયા)ને ઝડપી પાડી તેના વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી કરી હતી.

ગઢડા તાલુકાના વાવડી ગામે લાઈમ સ્ટોન બેલાની ખનીજ ચોરી ઝડપાઈ

તસવીર : વિપુલ લુહાર

બોટાદ જિલ્લા ખાણ ખનીજની ટીમનો દરોડો, બેલા કાપવાની ચકરડી ૩ અને ૩ ટ્રેક્ટર મળી કુલ ૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત

બોટાદ,તા.૩

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના વાવડી ગામે લાઈમસ્ટોન બેલાની ખનીજ ચોરી ખાણ ખનીજની ટીમ દ્વારા ઉપર દરોડો પાડી ૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના વાવડી ગામે બોટાદ જિલ્લા ખાણ ખનીજની ટીમ દ્વારા લાઈમસ્ટોન બેલા ખનીજનું ખાણકામ ચાલુ હોય ત્યાં દરોડો પાડવામાં આવતા અફડા તફડી મચી ગઈ હતી બોટાદ જિલ્લા મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી બી.એમ.જાલોંધરા સહિતની ખાણ ખનીજ વિભાગની ટીમે ગઢડા તાલુકાના વાવડી ગામે આકસ્મિત ચેકિંગ દરમિયાન બિલ્ડીંગ બનાવવાના લાઈમ સ્ટોન બેલા ખનીજનું ગેરકાયદેસર ખાણ કામ ચાલુ હોય ત્યાં દરોડો પાડતા લાઈમ સ્ટોન બેલા કાપવાની ચકરડી ૩ અને ૩ ટ્રેક્ટર મળી કુલ ૩૫ લાખ રૂપિયા નો મુદ્દામાલ ખાણ ખનીજ વિભાગે જપ્ત કરી તમામ મુદ્દામાલ સીઝ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાણપુરમાં મતદાર યાદી સુધારણા અંતર્ગત ઝડપી ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરનાર BLOનું સન્માન

બોટાદ,તા.૩

બોટાદ જિલ્લામાં મતદાર યાદી સુધારણાનું સમય મર્યાદામાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરનાર BLOનું મામલતદાર,તાલુકા વિકાસ અધિકારી,તાલુકા શિક્ષણ અધિકારી,તાલુકા કેળવણી નિરીક્ષકના હસ્તે સન્માન પત્ર એનાયત કરાયા હતા

હાલ સમગ્ર રાજયમાં SIR 2026 અંતર્ગત મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે ત્યારે બોટાદ જિલ્લાના અને ધંધુકા-૫૯ વિધાનસભા મતદાર વિભાગના રાણપુર તાલુકામાં મતદાર યાદી સુધારણા અંતર્ગત સમય મર્યાદામાં ઝડપથી ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરનાર BLO નું રાણપુર મામલતદાર કે.બી. ગોહીલ તેમજ રાણપુર તાલુકા વિકાસ અધિકારી એચ.એફ.ભુવાત્રા,રાણપુર તાલુકા શિક્ષણ અધિકારી જીતેન્દ્રસિંહ લીંબોલા,રાણપુર તાલુકા કેળવણી નિરીક્ષક કરણસિંહ લીંબોલા, નાયબ મામલતદાર જીનલભાઈ સહિતના અધિકારીઓ દ્વારા સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ તકે રાણપુર તાલુકાના ૨૦ જેટલા BLOને સન્માન પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે રાણપુર તાલુકામાં મતદાર યાદી સુધારણા અંતર્ગત ૯૮ ટકા જેટલી કામગીરી પુર્ણ થઈ ગયેલ છે.અને સમય મર્યાદામાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરનારા BLO ને અધિકારીઓના હસ્તે સન્માન પત્ર આપી સન્માનિત કરી BLOનો ઉત્સાહ વધાર્યો હતો.

નાની વાવડી ગામે ખેતરમાં વાવેલાં એક કરોડના ગાંજાના ૯૩ લીલા છોડ ઝડપાયા

SMCનો રાણપુરમાં મોડીરાત્રીના દરોડોઃ કપાસની આડમાં ગાંજો વાવેલો, ૧ ખેડૂતની ધરપકડ, મદદગાર અને સપ્લાયર સહીત ૩ ફરાર

તસવીર : વિપુલ લુહાર

રાણપુર,તા.૩

ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે ગેરકાયદે નશીલા પદાર્થોના વાવેતર સામે એક મોટી અને સફળ કાર્યવાહી કરી છે. બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના નાની વાવડી ગામે એક ખેતરમાંથી કપાસના વાવેતરની આડમાં છૂપાવીને કરાયેલું ગાંજાનું મોટા પાયે ગેરકાયદે વાવેતર ઝડપી પાડ્યું હતું.

રાત્રીના સમયે સ્ટેટે મોનીટરીંગ સેલના આ દરોડામાં, આશરે ૯૯.૫૦ લાખ એટલે કે એક કરોડની બજાર કિંમત ધરાવતા ગાંજાના છોડ જપ્ત કરવામાં આવ્યા છે. સાથે જ ખેતરના માલિક અજીતસિંહ જીવાભાઈ બારડની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે મહાવીરસિંહ પઢીયાર (રહે. નાની વાવડી) - મદદગાર, ધામા સોલંકી (રહે. સરાગવાલા, ધંધૂકા) - મદદગાર તથા રતનસિંહ ચાવડા (રહે. સુંદરીયાણા) - ગાંજાના બીજનો સપ્લાયર ફરાર છે.આ તમામ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે તજવીજ હાથ ધરી છે અને આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે સઘન તપાસ શરૂ કરી છે. અધિકારીઓએ જણાવ્યું છે કે, આ ગુનામાં અન્ય કોઈ મોટા માથાઓ સંકળાયેલા છે કે કેમ, તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન છે.

SMC દ્વારા ચોક્કસ બાતમીના આધારે આ દરોડો પાડવામાં આવ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ખેતરમાં કપાસના પાકની વચ્ચે આયોજનબદ્ધ રીતે ગાંજાના છોડનું વાવેતર કરીને કાયદાની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પોલીસે ઘટના સ્થળેથી કુલ ૯૩ લીલા ગાંજાના છોડ જપ્ત કર્યા છે, જેનું કુલ વજન લગભગ ૧૯૮ કિલોગ્રામ જેટલું થાય છે. આટલી મોટી માત્રામાં ગાંજો મળવો, તે આ વિસ્તારમાં નશીલા પદાર્થોના નેટવર્ક સામેની એક મોટી સફળતા ગણાય છે. આ કાર્યવાહી NDPS એક્ટની કલમ 8(b), (c), 20(A)(i), 20(B)(ii)(c), અને ૨૯ હેઠળ નોંધવામાં આવી છે. સમગ્ર રાણપુર વિસ્તારમાં આટલા મોટા પાયે થયેલા ગેરકાયદેસર વાવેતરની ઘટનાને પગલે ચકચાર મચી ગઈ છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)